# Bi 121 OLD TESTAMENT

## પાઠ : ૧૫ યુસફ સ્વપ્નનો અર્થ કરી બતાવે છે (ઉત્પત્તિ ૪૦,૪૧)

દેવ આજે પણ ચમત્કારો કરે છે. પડકાર એ છે કે, તમારામાં ચમત્કાર થાય માટે દેવે નિયુક્ત કરેલા સમય સુધી તમે રાહ જોતા શીખો. યુસફનાં જીવનમાં ચમત્કાર થાય તે માટે તેણે લાંબા સમય સુધી રાહ જોવી પડી. તેણે બાળપણમાં જોયેલા સ્વપ્નો એ તો લાંબા ગાળાની યાદગીરીનાં રૂપમાં દર્શાવવાનું હતું. જેલમાંનું યુસફનું જીવન અઘરુ હતુ. બલ્કે અતિ વિશેષ ખરાબ થઈ શકે તેમ હતુ. તેને ખાસ કેદખાનામાં રાખ્યો હતો. પણ દેવનો હાથ તેની સાથે હતો. જેલનાં મુખ્ય કારભારીની નજરમાં યુસફ માન પામ્યો અને તેણે યુસફને પોતાના સાથી કામદાર તરીકે જવાબદારી સોંપી. યુસફને કેદીઓમાંના તમામનો કારભાર સોંપવામાં આવ્યો અને જે ત્યાં થતુ તેની પર તે દેખરેખ રાખતો.

એક દિવસ ફારૂન રાજા ગુસ્સે થયો અને તેણે મુખ્ય પાત્રવાહક અને ભઠીયારાને કેદખાનામાં નાખ્યા. જયાં બંને માણસોને સ્વપ્ન આવ્યા. યુસફે તેમને પોતાના સ્વપ્નો જણાવવા કહયું. પાત્રવાહકે જણાવ્યું કે, "મેં દ્રાક્ષાવેલાની ત્રણ ડાળીઓ જોઈ. તેઓને કળી આવી અને ગુચ્છામાં દ્રાક્ષો પાકી. અને મેં દ્રાક્ષો લઈને ફારૂનનાં પ્યાલામાં તેનો રસ કાઢીને પ્યાલો ફારૂનને સોંપ્યો.

ત્યારે યુસફે જવાબ આપ્યો કે, ત્રણ ડાળીઓ ત્રણ દિવસ દર્શાવે છે. ત્રણ દિવસમાં ફારૂન તને આ કેદખાનામાંથી છોડાવીને ફરી તને તારા કામ પર પાછો રાખશે. પરંતુ ત્યારે મને યાદ કરજે. અને જયારે તું આ કેદખાનામાંથી છુટો થાય ત્યારે ફારૂનને કહીને મને અહિથી છોડાવજે. કેદખાનામાં નખાવવા લાયક એવુ કંઈ ખોટુ મે કર્યુ નથી.

આ સાંભળીને ભઠીયારાને પણ પોતાના સ્વપ્નને તેને કહેવાની ઈચ્છા થઈ. તેણે જણાવ્યું, મેં મારા માથા ઉપર ત્રણ ટોપલી કે જેમાં રોટલી ભરેલી હતી તે જોઈ. અને પક્ષીઓ તે માથા પરની ટોપીમાંથી રોટલી ખાઈ ગયા.

ત્યારે યુસફે ઉત્તર આપ્યો કે, "ત્રણ ટોપલી પણ ત્રણ દહાડા દર્શાવે છે. ત્રણ દિવસમાં ફારૂન આ કેદખાનામાંથી તને છોડાવશે અને તારો શિરચ્છેદ કરશે. તારુ ધડ તે ઝાડ પર ટાંગવામાં આવશે અને પક્ષીઓ તારુ માંસ ચુંટી ખાશે."

અને જે પ્રમાણે યુસફે કહયું હતુ તેમજ થયુ. ફારૂન રાજાએ મુખ્ય પાત્રવાહકને પોતાના સ્થાને લીધો. જયારે ભઠીયારાને તેણે વૃક્ષ પર ટાંગ્યો. તમને વિચાર આવશે કે, પાત્રવાહકે ફારૂનને યુસફ વિશે કહયું હશે પણ તેણે તેમ કર્યુ નહિ. બે વર્ષ પછી ફારૂન રાજાને પણ બે સ્વપ્ન આવ્યા. પહેલા સ્વપ્ન પછી તે જાગી ઉઠયો પરંતુ ફરી પાછો સુઈ ગયો. જયારે બીજા સ્વપ્ન

પછી તે બહુ ચિંતીત બન્યો અને સુઈ શકયો નહિ.

સવારે ફારૂન રાજાએ પોતાના રાજયનાં સર્વ જ્ઞાનીઓ તથા સલાહકારોને બોલાવ્યા. અને તેમને બંને સ્વપ્નો કહી સંભળાવ્યા. તેઓ શરમથી એકબીજાને જોવા લાગ્યા કેમકે કોઈ પણ રાજાનાં સ્વપ્નનો અર્થ કહી શકયું નહિ. આ સમયે મુખ્ય પાત્રવાહકને અચાનક જ યુસફની યાદ આવી.

તેણે જણાવ્યું, "હે ફારૂન રાજા, હું જયારે કેદખાનામાં હતો ત્યારે મને એક હિબ્રૂ કેદી મળ્યો હતો કે જેનાંમાં સ્વપ્નનો અર્થ કરી બતાવવાની ક્ષમતા છે." ફારૂને હુકમ કર્યો, "જાઓ અને કેદખાનામાંથી તે હિબ્રૂને મારી સમક્ષ હાજર કરો." રક્ષકો તાત્કાલીક તુરંગમાં ગયા જયાં તેમને યુસફ મળ્યો. પરંતુ યુસફની હાલત એવી ન હતી કે તે રાજા સમક્ષ હાજર થઈ શકે. તે પોતે ગંદો તેમજ તેનાં કપડા ચિથરહાલ હતા. આથી તેને સ્નાન કરાવીને સારા વસ્ત્રો સાથે ફારૂન રાજા કે જે મિસરનો અધિપતિ હતો અને જેનું રાજય પૃથ્વી પરનું સૌથી મોટુ રાજય હતુ તેની સમક્ષ લાવવામાં આવ્યો.

ફારૂને યુસફને કહયું, "તુ મને મારા સ્વપ્નનો અર્થ કરી બતાવ." હું તો નહિ પણ મારો દેવ ફારૂનને તેનાં પ્રશ્નનો જવાબ આપશે. યુસફ જવાબ આપ્યો, "મને તારા સ્વપ્નો જણાવ."

ત્યારે ફારૂને તેને સતાવનારુ પ્રથમ સ્વપ્ન કહી બતાવ્યુ, "મેં નદીમાંથી નીકળીને સુંદર તથા પુષ્ટ એવી સાત ગાય બીડમાં ચરતી જોઈ. ત્યારબાદ તેની પછવાડે કદરૂપી તથા સુકાઈ ગયેલી એવી બીજી સાત ગાય નદીમાંથી નીકળી અને નદીન કાંઠે રહેલી પુષ્ટ ગાયોને તેઓ ખાઈ ગઈ. તો પણ તેઓ પહેલાનાં જેવી જ સુકાઈ ગયેલી રહી. જયારે બીજા સ્વપ્નમાં એક સાઠા પર દાણા ભરેલા તથા સારા એવા સાત કણસલા મેં જોયા. અને તેની પાછળ હલકા તથા ચિમળાયેલા એવા સાત કણસલા આવ્યા. તેઓ પહેલા ભરેલા કણસલાને ગળી ગયા. તો પણ તેઓ પહેલા જેવા જ સુકા તથા ચિમળાયેલા રહયા.

ત્યારે યુસફે ઉત્તર આપ્યો કે, "દેવ શું કરવાનો છે તે વિશે તેમણે જણાવ્યું છે. સુંદર તથા પુષ્ટ ગાયો તથા પાકા તથા ભરેલા કણસલા એ ફળદ્રુપતાનાં સાત વર્ષો છે. ત્યાર પછી દુકાળનાં સાત વર્ષ આવશે અને મિસર દેશની સર્વ પુષ્કળતા ભુલી જવામાં આવશે. અને દુકાળથી દેશનો નાશ થશે. આથી ફારૂને બુધ્ધિવંત તથા જ્ઞાની એવા એક માણસને શોધીને તેને મિસર દેશ પર અધિકારી ઠેરવ્યો. અને દેશ ઉપર તે બીજા ઉપરીઓ ઠેરાવે અને ફળદ્રુપતાનાં સાત વર્ષ સુધી દેશનો પાંચમો હિસ્સો લેવો. અને દુકાળનાં જે સાત વર્ષ મિસર દેશમાં આવશ તેમાં તે ખોરાક દેશને માટે સંગ્રહ કરવો. કે જેથી દુકાળથી દેશનો નાશ ન થાય. ફારૂન તથા તેના જ્ઞાનીઓ તથા સલાહકારો સ્વપ્નનાં અર્થથી વિસ્મીત થયા. ફારૂને તેઓને કહયું, "શું આપણને આ કાર્યને સારુ યુસફ કરતા બીજો કોઈ સારો માણસ મળી શકે ? કેમકે તેનામાં દેવનો આત્મા છે." ને તણે યુસફને કહયું, "જો મેં તને આખા મિસરનો ઉપરી ઠરાવ્યો છે. મારા સર્વ

લોક તારી આજ્ઞા પ્રમાણે ચાલશે. એકલા રાજયાસન પર હું તારા કરતા મોટો હોઈશ. આમ એક જ ક્ષણમાં ફારૂન રાજાનાં એક કેદખાનામાંથી યુસફ એ મિસર દેશનો બીજા નંબરનો અધિકારી બન્યો.

ફળદ્રુપતાનાં સાત વર્ષો દરમિયાન યુસફે સમગ્ર દેશની મુસાફરી કરી અને ખોરાક એકઠો કરી તેને ભરી રાખ્યો. યુસફનું લગ્ન પણ થયુ અને બે પુત્રો થયા. એકનું નામ તેણે 'મનાશ્શા' પાડયુ કે જેનો અર્થ 'વિસરાવી દેવુ' તેમ થાય છે. જયારે બીજાને તેણે 'એફ્રાઈમ' નામ આપ્યુ જેનો અર્થ 'બમણા ફળવંત થવુ' એમ થાય છે. આ નામ આપવા દ્વારા દેવ ગમે તે પરિસ્થિતીમાં શું કરી શકે છે તે વિશેનો તેણે વિશ્વાસ દર્શાવ્યો.

જેમ દેવે દર્શાવ્યુ હતુ તેમ સાત વર્ષનો દુકાળ શરુ થયો જેને લીધે આસપાસનાં દેશોમાં પણ તેની અસર થઈ જેમાં કનાન દેશ પણ સામેલ હતો. જયારે મિસરનાં લોકોને દુકાળની વધુ અસર થઈ ત્યારે યુસફે કોઠારો ખોલી નાખીને તેઓને અનાજ વેચાતુ આપ્યુ. આથી સમગ્ર મિસરમાંથી લોકો યુસફ પાસે અનાજ ખરીદવા આવતા.

આ વાર્તાનું મહત્વ દર્શાવે છે કે, ઈશ્વર તેનાં બાળકોને તેનાં ભવિષ્ય વિશે જણાવી શકે છે અને તેઓ દ્વારા દેવનું કાર્ય પુર્ણ કરવા માટેનો માર્ગ બતાવે છે. યુસફ સ્વપ્નનો અર્થ કરી બતાવે છે તે પહેલા તે દેવનાં અવાજને સાંભળી શકતો હતો. તેને ખબર હતી કે તેનું પોતાનું સ્વપ્ન પણ પરિપુર્ણ થશે. તેણે અનુભવ્યુ કે, પાત્રવાહક, ભઠીયારા અને ફારૂન દ્વારા પણ દેવની યોજનાઓ પરિપુર્ણ થાય છે.

આ પાઠની મુખ્ય સચ્ચાઈ એ દર્શાવે છે કે, દેવને સર્વ દેશો પર, કુટુંબો પર અને વ્યકિત ઓ પર અધિકાર છે અને તેમના હેતુઓ પરિપુર્ણ કરવા તેમને તે દોરવણી આપે છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર. ૧ પાત્રવાહકનાં સ્વપ્નનો અર્થ કરી બતાવ્યા પછી યુસફે તેને શું કરવા જણાવ્યું?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,- મને યાદ કરજે તથા ફારૂન રાજાને આ કેદખાનામાંથી મને છોડાવવા માટે કહેજે કેમકે, કેદખાનામાં નખાવા જેવું કંઈ પણ મેં કર્યુ નથી – તો તમે સાચા છો.

પ્ર.૨ જયારે યુસફને ફારૂન રાજાને સ્વપ્નનો અર્થ બતાવવા જણાવવામાં આવ્યુ ત્યારે તેનો પ્રત્યુત્તર કેવો હતો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – હું તો નહિ પણ મારો ઈશ્વર ફારૂન રાજાને તેનાં પ્રશ્નનો ઉત્તર આપશે – તો તમે સાચા છો.

પ્ર.૩ આવનાર દુકાળથી બચવા માટે શા માટે યુસફને પસંદ કરવામાં આવ્યો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – ફારૂને કહયું તેનામાં દેવનો આત્મા છે આથી તેનાં જેવો બીજો કોણ આપણને મળી શકે ? – તો તમે સાચા છો.

પ્ર.૪ દુકાળનાં સાત વર્ષોથી બચવા યુસફે કેવી તૈયારી કરી ?
(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – ફળદ્રુપતાનાં સાત વર્ષો દરમિયાન યુસફ સમગ્ર દેશમાં ફર્યો અને અનાજ પોતાના કોઠારોમાં ભર્યુ – તો તમે સાચા છો.

જેઓએ આ વાત કદી સાંભળી નથી તેઓને જણાવીને આ પ્રશ્ન પુછો. તમારા ભવિષ્ય માટે ઈશ્વર પર આધાર રાખવા શું તમે તૈયાર છો ? ઉપરોકત બાબતની સાપેક્ષે તેમના જવાબો ની ચર્ચા કરો. અને દર્શાવો કે યુસફે કેવી રીતે દેવને મહિમા આપ્યો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.